એલસીબી તથા ડભોઇ પોલીસ સ્ટેશનની ટીમે ઘેરાવ કરી તમામને ઝડપી લીધા

ડભોઈમાં LCB-ડભોઈ પોલીસની સંયુક્ત કાર્યવાહી, 9 જુગારિયા રંગેહાથ ઝડપાયા

સુરજફળિયા તળાવ પાસે જુગારધામ પર પોલીસનો સપાટો

(પ્રતિનિધિ) ડભોઇ, તા.7

ડભોઇ પોલીસ સ્ટેશન વિસ્તારના સુરજફળિયા તળાવ નજીક આવેલા શૌચાલય પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમીના આધારે LCB વડોદરા ગ્રામ્ય દ્વારા અચાનક દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પત્તા-પાના વડે જુગાર રમતા કુલ 9 આરોપીઓને રંગેહાથ પકડી પાડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, આરોપીઓ સુરજફળિયા તળાવ કિનારે શૌચાલય પાસે ગોળ કુંડાળું બનાવી ખુલ્લેઆમ જુગાર રમતા હતા. પોલીસને જોઈ કેટલાક શખ્સોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એલસીબી તથા ડભોઈ પોલીસ સ્ટેશનની ટીમે ઘેરાવ કરી તમામને ઝડપી લીધા હતા.

ઉપરોક્ત તમામ આરોપીઓ સામે ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનિયમની કલમ 12 તથા સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસે અંગજડતી કરતા રોકડ રૂ.23,450/- અને દાવ પરની રોકડ : 10,130/- મળી કુલ રૂ.33,580/- નો મુદ્દામાલ હસ્તગત કર્યો છે.

ઝડપાયેલા આરોપીઓના નામ

ફારુક હનીફભાઈ મન્સૂરી, રહે. સુરજફળિયા, તા. ડભોઇ
શબ્બીરભાઈ ઇકબાલભાઈ ઘાંચી, રહે. જનતાનગર, તા. ડભોઇ
લતીફભાઈ અબ્દુલકાદર પ્યારજી, રહે. કડીયાવાડ, તા. ડભોઇ
અનિલભાઈ રાજુભાઈ વસાવા, રહે. સુરજફળિયા, તા. ડભોઇ
ઇશ્વરભાઈ પુનમભાઈ વાઘરી, રહે. નાવાપુર, તા. ડભોઇ
અરુણ રાવજીભાઈ તડવી, રહે. સુરજફળિયા, તા. ડભોઇ
મહેશભાઈ રમેશભાઈ વાઘરી, રહે. સુરજફળિયા, તા. ડભોઇ
સુરેશભાઈ મગનલાલ વાઘરી, રહે. વિભાગ હાઈસ્કૂલ વિસ્તાર, તા. ડભોઇ, એક અન્ય આરોપી - (તપાસ ચાલુ)

લાખો રૂપિયાના ખર્ચ કર્યો છતાં બિલ્ડિંગ ધૂળ ખાઈ રહ્યું છે

નસવાડી સ્થિત લાખો ખર્ચે બનેલ પુસ્તકાલયનું બિલ્ડિંગ વેરાન બન્યું

(પ્રતિનિધિ) નસવાડી, તા.7

નસવાડી એસ. બી. સોલંકી વિદ્યામંદિર હાઈસ્કૂલના કેમ્પસમાં વર્ષો પહેલા બનાવવામાં આવેલી પુસ્તકાલયનું બિલ્ડિંગ નું કોઈ રણીધણી નથી. બની ત્યાર થી જ આ બિલ્ડિંગ ને તાળા મારી રાખવામાં આવેલ છે કોઈ પણ વિભાગને આ પુસ્તકાલય સોંપવામાં આવ્યું નથી. જ્યારે લાખો રૂપિયાના ખર્ચે બનેલું પુસ્તકાલય નું બિલ્ડિંગ ધૂળ ખાઈ રહ્યું છે

નસવાડી ખાતે એસ બી સોલંકી વિદ્યામંદિર હાઈસ્કૂલના કેમ્પસ માં પુસ્તકાલય નું બિલ્ડિંગ લાખો રૂપિયા ના ખર્ચે બનાવવામાં આવ્યું હતું. આ બિલ્ડિંગ માં વીજ મીટર પણ લગાવવામાં આવ્યું હતું પરંતુ આ બિલ્ડિંગ બનાવ્યા બાદ વર્ષો થી કોઈ પણ વિભાગ ને સ્ટેટ આર એન્ડ બી વિભાગ દ્વારા સોંપવામાં ન આવતા આ બિલ્ડિંગ નું વીજ કનેક્શન પણ કપાઈ ગયું જ્યારે આ બિલ્ડિંગમાં પુસ્તકાલય ખોલવાની હતી પુસ્તકાલય ખોલવામાં આવે તો એસ. બી. સોલંકી વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ તેમજ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ બી.એડ. કોલેજ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ને બિલ્ડિંગ ઉપયોગી બને તેમ છે પરંતુ વહીવટી તંત્ર આવા બિલ્ડિંગો બનાવી ને નાણાં વાપરી ને પછી તેના તરફ ધ્યાન આપતા નથી જ્યારે લાખો રૂપિયા ના ખર્ચે બનેલું બિલ્ડિંગ હાલ વેરાન પડી રહ્યું છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

છોટાઉદેપુરની મેડિટોપ હોસ્પિટલ ખાતે રક્તદાન શિબિર યોજાઈ

છોટાઉદેપુર । છોટાઉદેપુર નગરમાં આવેલા મેડિટોપ હોસ્પિટલ ખાતે મેડિટોપ બ્લડ સેન્ટર તેમજ આયુષ બ્લડ સેન્ટર વડોદરા ના સંયુક્ત ઉપક્રમે આજરોજ રક્તદાન શિબિર યોજાઈ હતી જેમાં જરૂરિયાત દર્દીઓને આકસ્મિક રક્તની જરૂર પડે અને કોઈનું જીવન બચી જાય તેવા ઉમદા હેતુથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 96 યુનિટ જેટલું બ્લડ એકત્રિત થયું હતું. છોટાઉદેપુર પંથકમાં રક્તની જરૂરિયાત ને પહોંચી વળવા મેડિટોપ હોસ્પિટલ ખાતે મેડિટોપ બ્લડ સેન્ટર શરૂ કરવામાં આવેલું છે. જનરલ હોસ્પિટલ અને અન્ય મોટી હોસ્પિટલ માં દર્દીઓ ને અકસ્માત અને ઓપરેશનના સમયે પડતી બ્લડની જરૂરિયાત ના સમયે બ્લડ પૂરું પાડે છે. આજરોજ નગરના રક્તદાતાઓ ના સહયોગ રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામા રક્તદાતા ઓ રક્તદાન કરી આ પુણ્યકાર્ય માં સહભાગી બન્યા હતા. રક્તદાન શિબિરમાં નગરની મહિલાઓ પણ સહભાગીતા લીધી હતી.

ક્વાંટના પાનવડ ખાતે એક્સ-રે નિદાન કેમ્પ કોમ્યુનિટી મીટીંગ યોજાઈ

ક્વાંટ । ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પાઉલ વસાવા તથા જિલ્લા ક્ષય અધિકારી ડો બીએમ ચૌહાણ અને તાલુકા હેલ્થ ઓફિસર ડો.આર એસ પટેલ ના માર્ગદર્શન હેઠળ કંવાટ તાલુકાનું પાનવડ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ટીબી ના નિદાન માટે એક્ષરે નિદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો જેમાં પાનવડ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથિમક આરોગ્ય કેન્દ્ર કનલવા તેમજ ખાટિયાવાટ હેઠળ નાં ગામોના ટીબી રોગના લક્ષણો ધરાવતા લાભાર્થીઓ ના છાતી ના એક્ષરે ડિજિટલ એક્ષરે મશીન થી પાડવા માં આવ્યા હતા કેમ્પ માં પાનવડ સીએચસી સુપ્રિટેન્ડન્ટ ડો શૈલેષ રાઠવા રાઠવા પીએચસી કનલવા ડો ઋતાંગી વસાવા , તાલુકા ટીબી સુપરવાઇઝર પરેશભાઈ વૈદ્ય , અરવીંદભાઈ રાઠવા પી એચ સી સુપરવાઈઝર સી પી વણકર ,FHW અને , CHO બેન ,MPHW તથા સ્થાનિક આરોગ્ય કર્મચારી ઓ આશા બહેનો સહિત આરોગ્ય ટીમનું યોગદાન રહ્યું હતું.

દાહોદના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીનગર ખાતે શૈક્ષણિક પ્રવાસ યોજાયો

દાહોદ । દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના પ્રાણીશાસ્ત્ર વિભાગના M.Sc. ના વિદ્યાર્થીઓ માટે આજરોજ તા.06/01/2026 ના રોજ ગાંધીનગર ખાતે એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ અંતર્ગત કોલેજના 11 વિદ્યાર્થીઓ અને 3 અધ્યાપકોએ સૌપ્રથમ સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર દ્વારા આયોજિત વિષય નિષ્ણાત સેમિનારમાં ભાગ લીધો હતો, જ્યાં વિદ્યાર્થીઓને પર્યાવરણના વિવિધ પાસાઓ વિશે મહત્વપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. ત્યારબાદ, વિદ્યાર્થીઓએ ગાંધીનગરના ગૌરવ સમાન મહાત્મા મંદિર ની મુલાકાત લીધી હતી અને તેની ભવ્યતા તથા ગાંધીજીના જીવન દર્શન વિશે માહિતી મેળવી હતી. તદુપરાંત, ગઈકાલે ૬મી જાન્યુઆરીએ 'રાષ્ટ્રીય પક્ષી દિવસ' હોવાથી, તેના ઉપલક્ષમાં વિદ્યાર્થીઓએ ગાંધીનગર સ્થિત ઈન્દ્રોડા નેચર પાર્ક ની મુલાકાત લીધી હતી.

ગોધરાના કેવડિયા પાસે વિદેશી દારૂ પંચમહાલ LCBએ ઝડપ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા.7

પંચમહાલ લોકલ ક્રાઈમ બ્રાન્ચએ બાતમીના આધારે ગોધરા તાલુકાના કેવડિયા ગામ પાસેથી ફિલ્મી ઢબે થતી દારૂની હેરાફેરી રીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે મહારાષ્ટ્ર પાસિંગની એક બોલેરો પીકઅપ ગાડીમાંથી પ્લાસ્ટિકના ઈંડાની કેરેટોની આડમાં સંતાડેલો 21.15 લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી એક શખ્સની ધરપકડ કરી પોલીસે કુલ 26.98 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પોલીસને ચકમો આપવા માટે બુટલેગરોએ અનોખો કીમિયો અપનાવ્યો હતો. બાતમી મળી હતી કે સંતરોડ તરફથી વડોદરા જઈ રહેલી એક બોલેરો પીકઅપ MH-12-QG-6162માં દારૂની હેરાફેરી થઈ રહી છે. જેના આધારે LCBની ટીમે કેવડિયા પીકઅપ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી ગાડી અટકાવી હતી. તપાસ દરમિયાન ગાડીમાં ઉપર ઈંડાની કેરેટો ગોઠવેલી હતી. પરંતુ તે અસલી નહીં પણ પ્લાસ્ટિકના ઈંડા હોવાનું જણાયું હતું. આ કેરેટો હટાવતાં તેની નીચે ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂનો જંગી જથ્થો મળી આવ્યો હતો.

આ દરોડામાં પોલીસે વિદેશી દારૂના 10,320 નંગ ક્વાટરીયા જેની કિંમત રૂ. 21,15,600 થાય છે તે તથા ગુનામાં વપરાયેલી 5 લાખની બોલેરો ગાડી, મોબાઈલ અને રોકડ રકમ મળીને કુલ રૂપિયા 26,98,400 નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મિયાગામ કરજણથી મોટીકોરલ અને ડભોઈ રૂટપર ટ્રેન બંધ રહેતા લોકો પરેશાન

પેસેન્જર ટ્રેન ફરી શરૂ કરવા પશ્ચિમ રેલવે વડોદરા DRMને આવેદન

(પ્રતિનિધિ) શિનોર, તા.6

કોરોના કાળ દરમિયાન બંધ કરાયેલી મિયાગામ-કરજણથી મોટીકોરલ તથા મિયાગામ-કરજણથી ડભોઇ પેસેન્જર ટ્રેન ફરી શરૂ કરવા માટે મૂળનિવાસી એકતા મંચ દ્વારા પશ્ચિમ રેલવે વડોદરા DRM કચેરીમાં લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

મૂળનિવાસી એકતા મંચના અધ્યક્ષ એડવોકેટ મિનેષભાઈએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, મિયાગામ-કરજણથી મોટીકોરલ પેસેન્જર ટ્રેન વર્ષો સુધી નિયમિત રીતે ચાલતી હતી અને આ ટ્રેન અનેક ગામોના લોકો માટે આશીર્વાદ સમાન હતી. આ ટ્રેન દ્વારા વિદ્યાર્થીઓ અભ્યાસ માટે, નોકરીયાત વર્ગ રોજગારી માટે, તેમજ ખેડૂત અને વેપારીઓ પોતાના કામ માટે સરળતાથી અપડાઉન કરી શકતા હતા.

પરંતુ કોરોના કાળ દરમિયાન આ પેસેન્જર ટ્રેન બંધ કરી દેવામાં આવી, જે આજદિન સુધી ફરી શરૂ કરવામાં આવી નથી. ટ્રેન બંધ થવાને કારણે સ્થાનિક લોકોને જીવના જોખમે ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડે છે અને તેનો સીધો પ્રભાવ ધંધા-રોજગાર પર પડ્યો હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે મિયાગામ-કરજણથી ડભોઇ નેરોગેજ લાઇન પર છેલ્લે તા. 15/07/2018ના રોજ અંતિમ ટ્રીપ ચાલી હતી. ત્યારબાદ નેરોગેજ લાઇનને બ્રોડગેજમાં પરિવર્તિત કરવામાં આવી છે. આ બ્રોડગેજ લાઇનનું કામ પૂર્ણ થયા લગભગ અઢીથી ત્રણ વર્ષ થઈ ગયા છે અને હાલ આ રૂટ પર માલગાડીની અવરજવર શરૂ છે, છતાં પેસેન્જર ટ્રેન શરૂ કરવામાં આવી નથી.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મૂળનિવાસી એકતા મંચ દ્વારા પશ્ચિમ રેલવે વડોદરા DRM કચેરીને લેખિત રજૂઆત કરી, મિયાગામ-કરજણથી મોટીકોરલ તથા મિયાગામ-કરજણથી ડભોઇ પેસેન્જર ટ્રેન વહેલામાં વહેલી તકે જાહેર જનહિતમાં શરૂ કરવાની માંગ કરવામાં આવી છે.

જેલ તંત્ર અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ વચ્ચે એક વર્ષના MOU

છોટાઉદેપુર: સબ જેલ ખાતે 'યોગ તાલીમ' વર્ગોનો પ્રારંભ કરાયો

રાજ્ય સરકાર અને જેલ વિભાગના સંયુક્ત ઉપક્રમે કેદીઓને તણાવમુક્ત રાખવા પ્રશંસનીય પહેલ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.7

છોટાઉદેપુર સબ જેલ ખાતે બંધીઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા અને તેમના શારીરિક તથા માનસિક સ્વાસ્થ્યમાં સુધારો કરવાના હેતુથી એક વિશિષ્ટ પહેલ કરવામાં આવી છે. જેલ તંત્ર અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સંયુક્ત ઉપક્રમે 1 જાન્યુઆરીથી 31 ડિસેમ્બર 2026 સુધીના એમ.ઓ.યુ. (MOU) અંતર્ગત બંધીઓ માટે નિયમિત યોગ તાલીમ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તણાવભર્યા જીવનમાં યોગની અનિવાર્યતાને સમજીને, જેલ વિભાગના ડીજીપીસી ડૉ.કે. એલ.એન રાવ તથા આઈજીપીસી અશ્વિન ચૌહાણના માર્ગદર્શન હેઠળ આ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

છોટાઉદેપુર સબ જેલના ઈન્ચાર્જ અધિક્ષક ડી.કે. પરમારે આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, "રાજ્ય સરકાર અને જેલ વિભાગનો ઉદ્દેશ્ય જેલના અંતેવાસીઓને તણાવમુક્ત રાખી તેમને માનસિક રીતે સશક્ત બનાવવાનો છે. બંધીઓમાં આત્મવિશ્વાસ વધારવો, શિસ્તનું પાલન કરવું અને નકારાત્મક વિચારો દૂર કરી માનસિક શાંતિ પ્રદાન કરવાનો છે.યોગ તાલીમમાં બંધીઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે.

આ તાલીમ દરમિયાન જેલના બંધીઓને વિવિધ પ્રકારના આસનો, પ્રાણાયામ, ધ્યાન (Meditation) અને શ્વાસ નિયંત્રણની પદ્ધતિઓ શીખવવામાં આવશે.

પાદરાના ગાયત્રી શક્તિપીઠ ખાતે શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથા મહોત્સવ યોજાશે

(પ્રતિનિધિ) પાદરા, તા.7

ગાયત્રી શક્તિપીઠ, પાદરા દ્વારા અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ હરિદ્વારના માર્ગદર્શન હેઠળ અખંડ દીપકના શતાબ્દી પર્વ નિમિત્તે ભવ્ય આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે અખંડ દીપકને 100 વર્ષ પૂર્ણ થવા સાથે પૂજ્ય ગુરુદેવ પં. શ્રીરામ શર્મા આચાર્યની સાધના તથા પરમ વંદનીય માતાજી માતા ભગવતીદેવી શર્માના અવતરણના શતાબ્દી વર્ષોની ત્રિવેણી સંગમ ઉજવણી કરવામાં આવી રહી છે.

અખંડ દીપકનું મહત્વ સમજાવતા આયોજકો જણાવે છે કે વસંત પંચમીના દિવસે દાદા ગુરુદેવના આદેશથી પ્રગટ થયેલ જ્ઞાનજ્યોતિ "અખંડ જ્યોતિ"ના પ્રકાશે ગુરુદેવે ગાયત્રી સાધના કરી જન-જન સુધી જ્ઞાનપ્રકાશ પહોંચાડવાનો મહાયજ્ઞ આરંભ્યો.

વંદનીય માતાજી માતા ભગવતીદેવી શર્માએ નારી જાગરણ અભિયાન દ્વારા મહિલાઓમાં સશક્તિકરણ, શ્રદ્ધા, સ્નેહ અને માતૃસત્તાના મૂલ્યોને જીવંત કર્યા. સમગ્ર ગાયત્રી પરિવાર તેમને "વંદનીય માતાજી" તરીકે પૂજે છે. જેમાં તા.08-01-2026, ગુરુવાર, સવારે 9.00 કલાકે બાબુભાઈ પચાણભાઈ પટેલના ઘરે થી શોભાયાત્રા ગર્લ્સ સ્કૂલ સામે, સ્ટેશન રોડથી નીકળી કથા સ્થળ ગાયત્રી મંદિર સુધી પહોચશે, બપોરે 2.00 કલાકે શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથા (લોક કલ્યાણ), તા. 09-01-2026, શુક્રવાર બપોરે 2.00 કલાકે શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથા - દેવ માનવ સમીક્ષા, તા. 10-01-2026, શનિવાર બપોરે 2.00 કલાકે શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથા - સત્ય અને વિવેકની ભૂમિકા તા. 11-01-2026, રવિવાર બપોરે 2.00 કલાકે શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથા - દેવ સંસ્કૃતિ/યુવા જાગૃતિ , તા. 12-01-2026, સોમવાર સવારે 9.00 કલાકે પંચકુંડીય ગાયત્રી મહાયજ્ઞ બપોરે 12:30 કલાકે પૂર્ણાહુતિ, બપોરે 2.00 કલાકે શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથા થશે.

આ સમગ્ર કથામૃતનું રસપાન પ્રજ્ઞાપુત્રી મીનાક્ષીબેન કાબરીયા દ્વારા તેમની તેજસ્વી અને ઓજસ્વી વાણી તથા સંગીતના સૂર-સંગમ સાથે કરાવવામાં આવશે.

વાઘોડિયા ધીરજ ત્રણ રસ્તા પાસેથી જુગાર રમતા સાત ઝડપાયા

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.6

નગરના ધીરજ ચોકડી ત્રણ રસ્તા પાસે આવેલ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો આક ફરક નો જુગાર રમે છે તેની માહિતી વાઘોડિયા પોલીસને મળતા હે.કો. નિલેષભાઈએ સ્થળ પહોંચી રેડ કરતા આક ફરકનો જુગાર રમતા સાત ઈસમો હાજર મળી આવ્યા હતા. ઈસમોની અંગ જડતી કરતા તેમની પાસેથી આંકડા લખેલ પાવતી તેમજ 12,400 નો મુદ્દા માલ પોલીસે જપ્ત કર્યો હતો જેમાં જુગાર રમતા નલિન રહે. વાઘોડિયા , રાજેશ અનટોલભાઈ દેવીપુજક રહે ચુના ફળિયુ તા. સંખેડા, જિ.છોટાઉદેપુર તથા કનુભાઈ છીતા ભાઈ રાઠોડીયા રહે વણાદરા તા.ડભોઇ તથા ધનજીભાઈ ભાઈલાલભાઈ વસાવા રહે વેજલપુર તા. વાઘોડિયા,અરવિંદભાઈ લવઘન ભાઈ વસાવા રહે આકડીયા પુરા મંદિર પાસે , જયંતિ પરસોતમભાઈ પરમાર રહે માડોધર પ્રાથમિક શાળા પાસે, અનિલ ચંદુભાઈ માળી રહે તવરા ગામ તા.વાઘોડિયા ના ઓની પોલીસે જુગારધારા કલમ 12 અ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

ગોધરા પોલીસ હેડક્વાર્ટર્સ ખાતે PSI અને LRD ભરતી માટે નિશુલ્ક તાલીમ

એસપીના માર્ગદર્શન હેઠળ ડ્રીલ ઇન્સ્ટ્રક્ટર્સ દ્વારા સવાર-સાંજ ફિઝિકલ ટ્રેનિંગનો પ્રારંભ

(પ્રતિનિધિ) ગોધરા, તા.7

પંચમહાલ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા જિલ્લાના યુવાનો પોલીસ ભરતીમાં સફળતા મેળવી શકે તે માટે એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. ગોધરા સ્થિત પોલીસ હેડક્વાર્ટર્સના પરેડ ગ્રાઉન્ડ ખાતે હાલ ચાલી રહેલી ગુજરાત પોલીસ દળ વર્ગ-3 PSI અને લોકરક્ષકની ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે વિશેષ શારીરિક તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

પંચમહાલ પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાતની સૂચના અને માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા આ તાલીમ સત્રમાં જિલ્લાભરમાંથી અંદાજે 300 જેટલા મહિલા અને પુરુષ ઉમેદવારો જોડાયા છે. ગત તારીખ 28મી ડિસેમ્બર 2025થી શરૂ થયેલી આ તાલીમમાં ઉમેદવારોને પોલીસ હેડક્વાર્ટર્સના નિષ્ણાત ADI દ્વારા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ તાલીમ અંગે વિગતો આપતા રિઝર્વ પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. નિસરતાએ જણાવ્યું હતું કે, ઉમેદવારોની શારીરિક કાર્યક્ષમતા અને તંદુરસ્તી વધારવા માટે દરરોજ બે સેશનમાં તાલીમ અપાય છે. જેમાં સવારે 6:00 થી 8:00 અને સાંજે 5:00 થી 7:00 વાગ્યા દરમિયાન ઉમેદવારોને દોડ, સ્ટ્રેચિંગ અને ફિઝિકલ ફિટનેસની વિવિધ કસરતો કરાવવામાં આવે છે.

સંખેડાના બહાદરપુર PHC કેન્દ્ર ખાતે કીટનું વિતરણ કરાયું

ટીબી રોગના દર્દીઓ માટે પૌષ્ટિક આહાર કીટ વિતરણ કરાઇ

(પ્રતિનિધિ) સંખેડા, તા.7

વડાપ્રધાને સેવાભાવી સંસ્થાઓ અને સેવાભાવી દાતાઓ ના સહયોગથી ટીબી રોગના દર્દીઓ ને દત્તક લઇ સારવાર કર્યા થી સારવાર પૂર્ણ થાય ત્યાં સુધી પૌષ્ટિક આહાર કીટ તૈયાર કરી ને આપવામાં આવે તેવી નિક્ષય મિત્ર યોજના થકી જરુરીયાત મંદ દર્દીઓ ને મદદરૂપ બને તે માટે એક ઝૂંબેશ શરૂ કરાવી છે જેના ભાગરૂપે આજે પૌષ્ટિક આહાર કીટ ના દાતા ઘરડા કેમિકલ લિમિટેડ પાનોલી અંકલેશ્વર ના સીઇઓ વિનાયક દાલવી, ગોપાલભાઈ રાઠવા તેમજ છાયાબેન પણ ઉપસ્થિત રહ્યા હતા તેમજ અનુપમ મિશન એનજીઓ મોગરી આણંદ ના સાધુ સતીષદાસ, સાધુ મણીભાઈ ડો.વનરાજ સોલંકી સહિત ની ટીમ સાથે કવાંટ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટીકઢાઈ, આથાડુંગરી, મંદવાડા તથા નસવાડી તાલુકાના પલાસણી, તણખલા, અને સંખેડા તાલુકાના બહાદરપુર ખાતે પૌષ્ટિક આહાર કીટ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં જિલ્લા ક્ષય અધિકારી ડો બીએમ ચૌહાણ, તાલુકા આરોગ્ય અધિકારી કવાંટ/ નસવાડી ડો આર એસ પટેલ, સંખેડા તાલુકા આરોગ્ય અધિકારી ડો.વિકાસ રંજન તેમજ જિલ્લા ટીબી એચઆઈવી કો-ઓર્ડીનેટર વાલસીંગભાઈ રાઠવા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.